Vol. 4, Issue: 5, May: 2016
(IJRSML) ISSN: 2321 - 2853

# 'वत्सला'ના કથાસ્ત્રોત

ડૉ. અમૃતલાલ વી. દેસાઈ
સંસ્કૃત વિભાગ
મહિલા આર્ટ્સ કોલેજ, (વિદ્યાનગરી) હિંમતનગર

**वत्सला** એ હિમાચલ પ્રદેશના 'ગૂગા' ની લોકકથા પર આધારીત છ અંકી નાટક છે. જો કે આ કથાના અંશને ઉદ્ધૃત કરતી અન્ય કથાઓ રાજસ્થાન, ગુજરાત, પંજાબ, હરીયાણા, ઉત્તરપ્રદેશમાં પણ પ્રાપ્ત થાય છે. હિમાચલ પ્રદેશમાં શ્રાવણી પ્રદેશમાં પૂર્ણામાંથી ભાદરવા કૃષ્ણપક્ષની નવમી સુધી ચાલતા મેળામાં વિવિધ ટોળીઓ આ કથાનું રસપાન ગાયન–વાદન સાથે લોકો સમક્ષ રજૂ કરે છે. ગુજરાત–રાજસ્થાનમાં ગોગાજી–ગોગા તરીકે ઓળખાય છે.

છ અંકના આ નાટકમાં મારવાડના કુમારો મીનકેતુ અને અશ્વકેતુ બે નાયકો છે તથા વત્સલા અને કુત્સલા એમ બે નાયિકાઓ છે. નાયિકા પ્રધાન આ નાટકમાં વિષયવસ્તુ વત્સલા અને કુત્સલાની આસપાસ ગૂંથાયેલી છે. અન્ય પાત્રો વત્સલા અને કુત્સલાના માતા–પિતા–સૌદામિની અને રાજા તુંગભદ્ર, વત્સલાનો પુત્ર ગગન અને તેની પત્ની યોગદા, યોગદાના માતાપિતા મંજુભાષિણી–શરદચંદ્ર, કુત્સલાના પુત્ર અર્જુન–સુરજણ, પુરોહિત તથા વિદૂષક છે.

અનેક વ્યવસાયમાં મગ્ન રહી શારીરિક કે માનસિક શ્રમ ઉઠાવ્યા પછી મનને પ્રફુલિત કરવાનું સાધન શોધતાં માનવીને માટે સાહિત્યિક એક અનામય અને આનંદપ્રદ સાધન રહયું છે. પરંતુ અનેક પ્રકારની વીચિઓથી સંકુલિત સાહિત્ય સાગરમાં નાટક આબાલ–વૃદ્ધ પ્રત્યેક વ્યકિતને રોચક બને છે. સમાજના શ્રમ–દુઃખની સાથે નાટકની પ્રવૃત્તિને સંબંધ છે એ વાત ભરતમુનિએ નિરૂપી છે. સમાજની પાસે કાવ્ય, ગદ્ય વગેરે પ્રકારનું વિસ્તૃત સાહિત્ય હોવા છતાં નાટકના જેવું પ્રબળ અને બધાને સમાન રીતે આનંદદાયક બને તેવું બીજું કોઈ સાધન નથી. તેથી જ સાહિત્યમાં નાટકને **रम्यम्** કહેવાયું છે.

આવી આનંદપ્રદ સાહિત્યકૃતિનું મૂલ્યાંકન આપણે વસ્તુ, નેતા કે પાત્રો અને રસનિષ્પત્તિ દ્વારા કરી શકીએ છીએ. ખાસ કરીને વસ્તુની પસંદગી તેનું સંકલન, રસ નિષ્પત્તિ દ્વારા વસ્તુગ્રંથનનું કૌશલ્ય મુખ્ય છે. કથાનક વિવિધ ક્રિયાઓથી યુકત હોય છે, પરંતુ નોંધનીય છે કે બધી જ ક્રિયાઓ રંગમંચ

પર દર્શાવવી શકય હોતી નથી. જેમ કે દૂરથી બોલાવવા, વધ, લડાઈ, રાજ્ય કે દેશમાં ઉભી થતી આફતો, લગ્ન, ભોજન, શાપ, મલત્યાગ, મૃત્યુ, રતિક્રીડા, દંતક્ષત વગેરે જેવી લજ્જાપ્રદ બાબતો, શયન, ચુંબન, નગરને ઘેરો, સ્નાન શરીરે તૈલમર્દન આવા અનેક વિષયોને પ્રત્યક્ષ રીતે ભજવાતાં દર્શાવી ન શકાય.

કથાવસ્તુ નાટકનું મહત્વનું અંગ છે. **कथा, इतिवृत्त, वस्तु, वृत** વગેરે શબ્દોથી તેનો ઉલ્લેખ કરવામાં આવે છે. કથાવસ્તુ બે પ્રકારના છે. (૧) મુખ્ય અથવા આધિકારિક અને (૨) ગૌણ અથવા પ્રાસંગિક. કથાનાયકની ફલપ્રાપ્તિ સાથે સંકળાયેલું વસ્તુ મુખ્ય વસ્તુ છે. કારણ કે નાટક નાયકના કેન્દ્ર સ્થાને હોવાથી તેનો સંબંધ ધરાવતું કથાવસ્તુ પણ કેન્દ્ર સમાન બની રહે છે. ગૌણ વસ્તુ કેટલાંક નાટકોમાં જોવા મળે છે. અને કેટલાકમાં તો હોતું પણ નથી. જ્યારે નાટક સ્વતંત્ર રીતે ફલસિદ્ધિ કરી શકે છે. ત્યારે ગૌણ વસ્તુની જરૂર રહેતી નથી. પરંતુ ગૌણ કથાનક મુખ્ય પ્રવાહને ગતિ આપે છે અને પોતે અલાયદુ મહત્વ રાખતું હોવા છતાં મુખ્ય વસ્તુના પ્રવાહને અનુકૂળ બની પોતાનું અસ્તિત્વ સમરસ કરી નાખે છે.

પ્રાસંગિક વૃક્ષના બે પ્રકાર છે– પતાકા અને પ્રકારી. પતાકા નાટકમાં પ્રમાણમાં લાંબો સમય ચાલે છે. તેની સ્વતંત્ર નાયક હોય છે, જેણે પોતાનું કાર્ય સાધવાનું હોય છે. પતાકાનો નાયક મુખ્ય નાયક સાથે ગાઢ સંબંધ ધરાવે છે તેથી મિત્રભાવે તેને મદદ કરે છે. જો કે ગુણ, શકિત અને કાર્યક્ષમતાની દૃષ્ટિએ તે મુખ્ય નાયક કરતાં ઉતરતો હોય છે. પ્રકરીનું અસ્તિત્વ નાટકમાં બહુ જ ટૂકું હોય છે. ઝબૂકતી વીજળી સમી પ્રકરી ઘડીકમાં ઉદય પામે છે. તો બીજી જ ક્ષણે અદૃશ્ય થઈ જાય છે. આટલા ટૂંકસમયમાં પણ કાર્યસિદ્ધિને પંથે પગલાં ધરતાં નાયકને પળવાર પ્રકાશ પાથરી તે પ્રગતિમાં સહાયક બને છે. પાણીમાં તેલનું બિંદુ પ્રસરે તેમ આ નાના નાના પ્રસંગો સમગ્ર વસ્તુમાં ગુંથાયા હોય છે. તેની અસર દુરોગામી હોય છે. મૃચ્છકટિકમાં વસંતસેના અને ચારુદત્તના પ્રણયની કથા મુખ્ય વસ્તુ છે. જ્યારે શર્વિલક અને મદનિકાના પ્રણયની કથા ગૌણ કે પ્રાસંગિક છે. શર્વિલક, ચારુદત્ત અને આર્યકને સહાયભૂત થાય છે. પ્રવહણ વિપર્યયનાં પ્રસંગ ઝબુકતી વીજળી જેવો છે. તે પ્રસંગ નાનકડો હોવા છતાં દૂરોગામી જો નાયક સ્વયં પ્રયત્નથી ફળસિદ્ધિ કરે છે તો ગૌણ કે પ્રાસંગિક વસ્તુની જરૂર રહેતી નથી. અલબત્ત નાટયના વિકાસની દૃષ્ટિએ આવા પ્રસંગો ખૂબ જ મહત્વના બની જાય છે. જેમ કે અભિજ્ઞાન શાંકુતલમાં દુર્વાસા વડે અપાયેલા શાપ આવો જ પ્રસંગ છે.

આ ઉપરાંત કથાવસ્તુના મૂળ સામગ્રીની દૃષ્ટિએ બીજા ત્રણ ભેદ પાડવામાં આવ્યા છે. પ્રખ્યાત, ઉત્પાદ (કાલ્પનિક) અને મિશ્ર. રામાયણ–મહાભારત જેવા ઈતિહાસગ્રંથો તથા પુરાણોમાંથી લેવામાં આવેલા વસ્તુને પ્રખ્યાત વસ્તુ કહે છે. કવિની પ્રતિભાના બળે તેની કલ્પનામાંથી ઉદ્ભવેલા

કથાતંતુ પર આધારિત તથા ઉત્પાદ્ય કહેવાય જ્યારે ઈતિહાસ અને કલ્પનાના મિશ્રણવાળા કથાનકને મિશ્ર વસ્તુ કહેવાય. વસ્તુના દિવ્ય, દિવ્યાદિત્ય અને અદિવ્ય એવા ત્રણ પ્રકારો દિવ્યતાના આધારે પાડવામાં આવે છે. દિવ્ય વસ્તુમાં દિવ્ય પાત્ર હોય છે. દિવ્યાદિવ્યમાં કેટલાક પાત્રો દિવ્ય અને કેટલાક પાત્રો મર્ત્ય હોય છે. જ્યારે અદિત્ય વસ્તુમાં પાત્રો કેવળ મર્ત્ય હોય છે આમ મિશ્ર પ્રકારમાં ઉભયવિધ પાત્રો હોય છે.

કથાવસ્તુના ઐતિહાસિકતા અને કલ્પનાના આધારે પ્રકારો પાડવામાં આવે છે. કવિએ કાવ્યતાના બળે સમાજમાં બનતા બનાવો ઉપરથી વસ્તુનું ઘડતર કર્યુ હોય તો તે વસ્તુની પસંદગી કાલ્પનિક કહેવાય છે જ્યારે ઈતિહાસના પાને નોંધાયેલી કોઈ ઘટનાને પ્રધાનપણે સ્વીકારી  પરિવર્તનો કરવામાં આવ્યા હોય તે વસ્તુને ઐતિહાસિક કહેવામાં આવે છે. સંસ્કૃત આલંકારિકોએ ઐતિહાસિક વસ્તુનો અર્થ પ્રખ્યાત વસ્તુ લીધો છે. ઈતિહાસ એટલે રામાયણ–મહાભારત જેવા આર્ષકાવ્યો વસ્તુનો સ્ત્રોત હોય તો તે વસ્તુ ઐતિહાસિક કે પ્રખ્યાત કહેવાય છે. એક કાળે ઈતિહાસ પુરાણ એક કહેવાતા હતા. આવી પ્રખ્યાત કે ઐતિહાસિક વસ્તુનો અર્થ પુરાણ પ્રસિદ્ધ વસ્તુ પણ કરવામાં આવે છે. આથી જ સંસ્કૃત સાહિત્યમાં રામાયણ, મહાભારત અને પુરાણો વસ્તુની પસંદગીના સ્ત્રોત બન્યા છે. પુરાણના પાંચ લક્ષણોમાં વંશ અને વંશાનુચરિતમાં જોવા મળતી ઐતિહાસિકતા જ વસ્તુને ઐતિહાસિકતાને સિદ્ધ કરે છે.

પુરાણોમાં આવતી કથાઓનો આધાર કેવળ ઐતિહાસિક જ હોતો નથી. પુરાણોનો કથાઓનું સંવાદ દ્વારા થયેલું ઘડતર તેનું આદિમૂળ લોકસાહિત્ય હોવાનું માની શકાય. આમ લોકકથાઓ પણ પ્રખ્યાત વસ્તુ ગણાય. પુરાણોની કથાઓનું અધ્યયન કરતાં વૈદિક આખ્યાનો બ્રાહ્મણ સાહિત્યકાલીન કથાઓ, ઔપનિષદિક કથાનકો ઉપરાંત રાજાઓના ચરિત્ર સિવાયની કથાઓનો સ્ત્રોત લૌકિક માનવા પ્રેરે છે. આવી કથાઓને પણ પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન કથાઓને ધોરણે વહેંચી શકાય.

પ્રત્યેક પ્રવૃત્તિ પાછળ પ્રયોજન શોધતું ભારતીય માનસ ઈતિવૃત્ત ફળ તરીકે ધર્મ, અર્થ કામમાંથી કોઈ પણ એક અથવા તેથી વધારે પુરુષાર્થની પ્રાપ્તિ દર્શાવે છે. સંસ્કૃત નાટયસાહિત્ય પણ પઠનના અંતે મળતા મનોરંજનને તેનો પુરુષાર્થ ગણાવે છે. આ મનોરંજન અપાવનાર નાટયના કથાવસ્તુને ‘‘અર્થપ્રકૃતિ’’ પણ કહેવામાં આવે છે. તે નાયકની કાર્યસિદ્ધિમાં મદદરૂપ હોવાને લીધે તે અર્થપ્રકૃતિ કહેવાય છે. આ અર્થ પ્રકૃતિ પાંચ છે.
(૧) બીજ (૨) બિંદુ (૩) પતાકા (૪) પ્રકરી(૫) કાર્ય.

**(૧) બીજ**

રૂપકના આરંભમાં સહેજ સંકેત કરાયેલું જેનું અલ્પ કથન કરાયું હોય તે તત્ત્વ કે જે ફળનું કારણ બને છે. અને કથાવસ્તુમાં અનેક રીતે વિસ્તાર પામે છે. તેને 'બીજ' કહેવાય છે. તે કાર્યસિદ્ધિનું પ્રાથમિક કારણ છે. બીજ નાટકના વસ્તુનો પાયો નાખે છે. જેમ વૃક્ષ અને તેના પરિણામરૂપ ફળ બીજની અપેક્ષા રાખે છે. તેમ નાટકમાં પણ નાયકના કાયમી સિદ્ધિ બીજ પર અવલંબે છે. બીજ દ્વારા નાટયકાર કથાવસ્તુનો ઉપક્ષેપ કરે છે. નાયકની જીનવકથની વિવિધ પ્રસંગોના પરથી વણાયેલી હોય છે. પરંતુ નાટકમાં તો તેમાંથી અમુક પ્રસંગ દર્શાવવામાં આવે છે. આ પ્રસંગનો ખ્યાલ પ્રેક્ષકોને હોય તો નાટયને સમજવામાં અને માણવામાં ઉપકારક નીવડે છે. આમ આવી જરૂરી માહિતી પુરું પાડવાનું કામ બીજ બજાવે છે.

**(૨) બિંદુ**

નાટકને વધુ રસમય બનાવવા માટે નાટયકારે વિવિધ પ્રસંગોની ગૂંથણી તો કરવી પડે છે. પરંતુ આમ કરવા જતાં નાટકના મુખ્ય કથાવસ્તુનો પ્રવાહ રોકાઈ જાય છે. કેટલીકવાર મુખ્ય કથાના ફાંટારૂપ વિષયાંતર અનિવાર્ય હોય છે. છતાં ક્ષણભર રોકાઈ ગયેલા મુખ્ય પ્રવાહને ફરીથી વહેતો કરવો પણ આવશ્યક હોય છે. આ માટે નાયક અથવા નાયિકાની વિસ્મૃતિનો પડદો દૂર હટાવી તેમની સ્મૃતિને પુનઃ સતેજ કરવી પડે છે. નાટયકારના આ પ્રયત્નને લીધે નાટકમાં રચાતા અંશને ' બિંદુ' કહેવાય છે. આમ બિંદુએ તૂટેલી સાંકળને સંયોજતી કડી સમાન છે.

**(૩) પતાકા**

ઘણીવાર નાયકને પોતાની કાર્યસિદ્ધિ માટે અન્ય વ્યકિતઓના સહકારની જરૂર પડે છે. આ વ્યકિત નાયકથી સ્વતંત્ર રીતે આગવું વ્યકિતત્વ ધરાવે છે. અને નાયકના કાર્યમાં મૈત્રીની શુભ ભાવનાથી પ્રેરાઈને સર્વ રીતે મદદ કરે છે. આ વ્યકિત ઉપનાયક કે પતાકાનાયક તરીકે ઓળખાય છે. સ્વતંત્ર વ્યકિતત્વ ધરાવતો હોઈ તેણે પોતાનું અંગત કાર્ય પણ સિદ્ધ કરવાનું હોય છે. આ અંગત પ્રયોજનની સિદ્ધિ દર્શાવતા વૃતાંત્ત પતાકાની અપેક્ષાએ ઘણું ટૂંકું હોય છે.

**(૪) પ્રકરી**

પતાકા ઉપરાંત અન્ય રીતે પણ મુખ્ય કથાના નાયકને ઉપકારક બનતા પ્રસંગો ઉપસ્થિત થઈ શકે છે. કેટલીક આકસ્મિક ઘટનાઓની અથવા કેટલાક બનાવની અસર અન્યના લાભમાં થતી જીવનમાં જોવા મળે છે. નાટકમાં જ્યારે ગૌણવસ્તુ અથવા નાનકડા પ્રસંગનું મુખ્ય પાત્ર પોતાનો કોઈપણ ઉદ્દેશ સિદ્ધ કર્યા વિના મુખ્ય વસ્તુના કથાનાયકને તેના કાર્યમાં મદદ કરે છે. તે પ્રસંગને પ્રકરી કહે છે. આ વૃતાંત પતાકાની અપેક્ષાએ ઘણું ટૂંકુ હોય છે.

**(૫) કાર્ય**

જે બાબતને લક્ષમાં રાખીને બીજક્ષેપ થયો હોય તો પ્રયોજન છેવટે સિદ્ધ થાય છે તેને 'કાર્ય' કહે છે. આ અર્થપ્રકૃતિ કારણ પણ છે અને કાર્ય પણ છે.

દરેક નાટકમાં આ પાંચેય અર્થ પ્રકૃતિઓનો સમાવેશ થાય તે જરૂરી નથી. પતાકા અને પ્રકરી નાટકમાં મહત્ત્વના અંગ નથી. જ્યારે નાટક જાતે જ સ્વશકિતથી કાર્યસિદ્ધિ સંપાદિત કરી શકતો હોય તો તેવા સંજોગોમાં પતાકા અને પ્રકરીની આવશ્યકતા રહેતી નથી. નાયકને ફળસિદ્ધિ મળતી હોવાથી નાયક જ અધિકારી છે. ફળસિદ્ધિ માટે વસ્તુનું બીજ રોપાય, રોપાયેલું બીજ અંકુરિત થાય, અંકુરિત થઈ વિકસે અને અંતે ફળ આપે ત્યાં સુધી નાયક જ તેની સાથે સંકળાયેલ હોય છે. આથી નાયકની મનોભૂમિકાને વસ્તુના વિકાસની આલંકારિકોએ અનુંસંધાન કરતાં તેને ‘અવસ્થા’ નામ આપ્યું છે. આ અવસ્થાઓ પાંચ પ્રકારની છે.

## સંદર્ભસ્ત્રોત

1. સાદ. ૧.૪૨, દ.સ. 1.2
2. अधिकारः काले स्वामी अधिकारी च तत्प्रभुः। तस्येतिवृत्तं कविभिराधिकारिकमुच्यते॥ सा. द. 6.43
3. सानुबन्धं पताकाख्यं प्रकरी च प्रदेशभाक्। द. 3. 1.13
4. द. 3.13, 14, 16, 17
5. प्रख्यातोत्पाद्यिमिश्रत्वभेदात् त्रेधापि तत् त्रिधा। द. 3.1.13
6. ख्यातेवृत्त प्रख्यातोत्पाद्यामिश्रत्वभेदान् .......... प्रूख्यातमितिहासादेः ६.३ 1.15
7. बीजं बिन्दुः पताका च प्रकरी कार्यमेव च ॥ कार्य प्रकृतयः पज्च ज्ञात्वा योज्या यथाविधि। सा. द. 6.64, 65
8. अल्पामात्रां समुद्दिश्य बहुधा यद्विसर्पति॥ फलस्य प्रथमो हेतुर्बीजं तदभिधीयते। सा. द. 6.65, 66
10. अवन्तरार्थविच्छेदे बिन्दुरच्छेदकरणम्॥ सा. द. 6.66